**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આરતી ભટ્ટ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 01-04-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## CBI – એજન્સી સ્થાપના દિવસ મ

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) આજે તપાસ એજન્સીના સ્થાપના દિવસ નિમિત્તે 20મા ડી.પી. કોહલી મેમોરિયલ લેક્ચરનું આયોજન કરી રહ્યું છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે. આ લેક્ચર આપશે. આ વર્ષની આ વ્યાખ્યાનની થીમ એડોપ્ટીંગ ટેક્નોલોજી ટુ એડવાન્સ ક્રિમિનલ જસ્ટિસ છે.

**RNU અમદાવાદ**

---

## ચૂંટણીપંચ-દિવ્યાંગ મતદારો

ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં મતદાન જાગૃતિ અંગે અનેક કાર્યક્રમોનંબ આયોજન કરાઇ રહ્યું છે.

" એવરી વોટ કાઉન્ટસ "ના ધ્યેય સાથે દિવ્યાંગ મતદારોની સુવિધા ઉપર વિશેષ કાળજી લેવામાં આવી રહી છે, ત્યારે કચ્છ જિલ્લાના 7 હજાર 548 દિવ્યાંગ મતદોને સક્ષમ એપ્લિકેશન દ્વારા સરળતાથી ચૂંટણીલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, અને જિલ્લામાં ખાસ 6 દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો પણ બનાવવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## યુનિવર્સિટી પ્રવેશ પ્રક્રિયા-કચ્છ

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓને એક છત્ર નીચે લાવી સરકારે કોમન એકટ લાગુ કર્યા બાદ હવે કચ્છ સહિત રાજ્યની 14 સરકારી યુનિ. અને તેને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા કોમન બનાવાઈ છે.જેના ભાગરૂપે ગુજરાત કોમન એડમીશન સર્વિસ (GCAS) પોર્ટલ બનાવાયું છે. આજે 1 એપ્રિલથી કૉલેજમાં પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓ પોર્ટલ પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરી શકશે. કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો.મોહન પટેલે જણાવ્યું કે, યુનિવર્સિટીના તમામ ભવનો અને કોલેજના નોડલને આ કામગીરી માટે તાલીમ અપાઈ છે હેલ્પ ડેસ્ક પણ ઉભા કરાયા છે. કોઈ મુંઝવણ હોય તો નજીકની કોલેજ અથવા યુનિ.ના હેલ્પ સેન્ટરની મદદ લેવા અનુરોધ કર્યો હતો.

**N.P. આરતી ભટ્ટ**

---

## એસટી ડેપો - ભચાઉ વૃક્ષારોપણ

જિલ્લાના ભચાઉમાં અસટી ડેપોના કર્મચારીઓ દ્વારા વનવિભાગ દ્વારા અપાયેલી વૃક્ષોનો ડેપો મેનેજર અને કર્મચારી ગણ દ્વારા સ્વખર્ચે 300 જેટલા વૃક્ષો વાવી તેનો ઉછેર અને જતન કરવામાં આવે છે. આવતા પાંચ વર્ષ બાદ મોટા થયેલા વૃક્ષો શહેરના લોકો અને પ્રવાસીઓને તાપથી રક્ષણ આપશે. વૃક્ષો માટે પાંજરા અને અન્ય જરૂરિયાત માટે સ્વૈચ્છિક સંસ્થાઓ સહયોગી બની છે.

**N.P. આરતી ભટ્ટ**

---

## ક્રિકેટ

આઇપીએલની ગઇકાલે બે મેચ રમાઇ હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલ પ્રથમ મેચમાં ગુજરાત ટાઇટન્સની ટીમે સનરાઇઝર ટીમને 7 વિકેટે હરાવી બીજી સફળતા મેળવી હતી. હૈદરાબાદની ટીમે 8 વિકેટના ભોગે 162 રન કર્યા હતા. ગુજરાતની ટીમે 3 વિકેટ ગુમાવી 168 રન કરી વિજય લક્ષ્ય પાર કર્યું હતું. વિશાખા પટ્ટનમ ખાતે રમાયેલી બીજી મેચમાં દિલ્હી કેપીટલની ટીમે ચૈન્નઇ

સુપર કિંગની ટીમને 20 રને પરાજિત કરી હતી. દિલ્હી ટીમે પાંચ વિકેટના ભોગે 192 રન કર્યા હતા. જવાબમાં ચૈન્નાઇ ટીમ 6 વિકેટ ગુમાવી 171 રન કરી શકી હતી.

ચંદ્રવદન પટ્ટણી

--------------------------------------------------------------------

## નખત્રાણામાં લીલાચારાની અછત

જિલ્લાનામાં ઉનાળાની શરૂઆતમાં જ નખત્રાણા તાલુકામાં લીલાચારાની અછત જણાઇ રહી છે ત્યારે આગામી સમયમાં લીલાચારા વિના કેવી રીતે પસાર થશે. તેમ માલધારીઓને ચિંતા સતાવી રહી છે. નખત્રાણા પંથકમાં લીલા ઘાસચારામાં મકાઇનો પાક લેવામાં આવે છે પરંતુ માંગ કરતા પુરવઠો ઓછો હોવાને લીધે અસમતુલાને લીધે પશુપાલકોને છૂટક પ્રતિ મણ રૂપિયા 200 ના ભાવે ચારો માંડ મળી રહ્યો છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે, બીજા લીલાચારાનું વાવેતર કરાયું છે. થોડા સમયમાં તે પાક ઊભો થવાથી લીલા ઘાસચારો સરળતાથી ઉપલબ્ધ થશે.

**N.P.** આરતી ભટ્ટ

--------------------------------------------------------------------

## ગરમી

કચ્છમાં રાત્રે આંશિક ઠંડક અને દિવસે ગરમી વચ્ચે બેવડી ઋતુ અનુભવાઇ રહી છે અને ગઇકાલે ભુજ 37.2 ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું ત્રીજા નંબરનું ગરમ મથક બની રહ્યું હતું.

કચ્છમાં છેલ્લા ત્રણેક દિવસથી રાત્રિ આંશિક ઠંડી રહે છે. જિલ્લા મથક ભુજમાં દિવસે ગરમી યથાવત રહેવાની સાથે મહત્તમ તાપમાન વધ્યું હતું. ઉનાળાના પ્રારંભ સાથે જ જિલ્લાના તમામ મથકોનું રાત્રિનું તાપમાન 20 ડિગ્રીથી ઉપર રહ્યું હતું જો કે, રાત્રે પારો આંશિક નીચે સરકતાં નલિયા 16.6 ડિગ્રીએ રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું હતું.

**N.P. આરતી ભટ્ટ**

---